**પાવાગઢ પાસેના જયગઢની સીમમાં મેંગેનીઝની ખાણો છે. એ ખાણોનો વહીવટ કરતી કંપનીના જનરલ મેનેજરને જાણવા મળ્યું કે એક ખાણિયો અપરાધી ભૂતકાળ ધરાવે છે. આથી મેનેજરે એને તાત્કાલિક છૂટો કર્યો. અને... અને એ જ રાતે કંપનીની તિજોરી તૂટી. કરોડ રૂપિયા જેવી રકમ ગઈ. અને એ જ રાતથી પેલો છૂટો કરેલો અપરાધી ઇતિહાસવાળો માણસ ગુમ થઈ ગયો...**

**અજયે અદાલતને વિનંતી કરી, 'નામદાર! મારી વિનંતી છે કે બેન્ક તરફથી ગયા મહિનાનાં નાણાંની નોટોની યાદી અને આ મહિનાની યાદી રજૂ કરવાનું ફાલ્ગુન બેરાને સૂચવવામાં આવે**

# બેરાએ માગ્યા કરતાં ત્રણ ગણો જવાબ આપ્યો-જોશથી!

મેનેજર ફાલ્ગુન બેરા અજય ભણી મોટા મોટા ડોળા ફાડતા સાક્ષીના પાંજરામાં પધાર્યા, એટલે અજયે પ્રશ્નો શરૂ કર્યા. 'અહીં પુરાવા તરીકે ચલણી નોટોની યાદી રજૂ થઈ છે તે કોણે તૈયાર કરી છે?'

'બેન્કે તૈયાર કરી છે. બેન્કના કાગળ પર તૈયાર કરી છે. યાદીના દરેક પાનાને છેડે બેન્કના એકાઉન્ટન્ટની સહી છે!' ફાલ્ગુન બેરાએ માગ્યા કરતાં ત્રણ ગણો જવાબ આપ્યો-જોશથી!

અજયે એ પ્રત્યે બહુ ધ્યાન આપ્યા વગર આગળ પૂછ્યું. 'તમે બેન્કનાં નાણાંની સલામતી માટે આ જોગવાઈ અપનાવી હતી, બરાબર ને?'

'સલામતી માટે જ નહિ! એટલા માટે કે નાણાં ચોરાઈ કે લૂંટાઈ જાય તો એ પરત મેળવવામાં અને ગુનેગારને પકડવામાં સહાય મળે. નંબરોની યાદી ઉપયોગી બને.'

'રસિકભાઈ નાણાવટીએ તિજોરી અને સ્ટ્રોંગ રૂમની વ્યવસ્થા જુનવાણી થઈ ગયાની વાત કરેલી, એની સામે તમારો આ જવાબ હતો, એમ ને?'

'આ એક જ નહિ, બે બીજી વ્યવસ્થાઓ પણ મેં ગોઠવી હતી. એક તો ચોર, લૂંટારો કે અનધિકૃત માણસ ત્યાં આવી જાય તો વાગી ઊઠે એવી વીજળીની ઘંટડીની, એટલે કે એલાર્મની વ્યવસ્થા હતી. બીજું, અમે રાતના પૂરા સમયનો ચોકીદાર રાખ્યો હતો. પણ રસિકભાઈએ આ બધી વ્યવસ્થાઓ સામે કકળાટ કરવાનું અને હેડ ઓફિસને ઉશ્કેરવાનું ચાલુ રાખ્યું હતું. એમને કદાચ અહીં જનરલ મેનેજર બનવાની આશા હશે?'




ફાલ્ગુનના આ શબ્દો સાંભળીને સામે અદાલતમાં બેઠેલા રસિક નાણાવટી અકળાઈ અકળાઈ જતા દેખાયા. સૌ કોઈ એમની અકળામણ જોઈ શકતા હતા, પરંતુ ચાલુ અદાલતે કોઈ શું બોલે!

ફાલ્ગુનભાઈએ તો આગળ ચલાવ્યું, 'હું જનરલ મેનેજર હોઉં અને ચોરીલૂંટ થાય તો મારી નોકરી મુશ્કેલીમાં મુકાય અને નવા જનરલ મેનેજર નીમાય, સમજ્યા તમે?'

ફાલ્ગુન બેરા સમજાવવા માગતા હતા કે આ ચોરીની ઘટના પાછળ કદાચ એમને રુખસદ કરવાનું કાવતરું હોઈ શકે. ચતુર અજય આ વાત અને રસિકભાઈના ચહેરા પરના ભાવથી એ મુદ્દો સમજી ગયો. પરંતુ આજના મુકદ્દમામાં એ બેઉનો આંતરિક બખેડો ચર્ચાય નહિ, એ માટે પ્રશ્નોત્તરને બીજી દિશા આપી. એણે પૂછ્યું, 'તમે આ ચોરીની આગલી સાંજે જ આરોપી સાથે પ્રસંગ પાડ્યો હતો. બરાબર?'

'જી, હા.'

'તમે એને તાત્કાલિક છૂટો કર્યો હતો. અને ખાણ વિસ્તારની બહાર ચાલ્યા જવાનું કહ્યું હતું?'

'એ પણ ખરું,' ફાલ્ગુને સ્વીકાર્યું.

'અને તમે એને ત્રણ મહિનાનો નોટિસ પગાર એ જ ઘડીએ રોકડો ચૂકવી દીધો હતો?'

'જરૂર! અને એ પગાર રસિકભાઈએ ચૂકવ્યો હતો.'

'એમની પાસેનાં નાણાંથી?'

'ના, મારા ટેબલના એક ખાનામાં નાનામોટા વ્યવહારો માટે થોડી રોકડ રાખીએ છીએ, તેમાંથી.'

'એ રોકડ કેવી રીતે આવે છે?'

'અમે જરૂર પડ્યે તિજોરીમાંથી લાવીએ છીએ.'

'અને તિજોરી ખોલવાનો કોને કોને અધિકાર છે?'

'અમને બે જણને. રસિકભાઈને અને મને.'

'અચ્છા, હરિસિંગને પગાર આપ્યો એ કઈ નોટોમાં આપ્યો હતો?'

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

'લગભગ બધી પાંચસોની નોટો જ હતી. ઉપરિયાણની બે-ચાર નોટો કદાચ ઓછા મૂલ્યની પણ હશે. પરંતુ ઘણી ખરી નોટોપાંચસોની હતી.'

'અહીં પુરાવા તરીકે રજૂ થયેલી નોટો પણ એમાં હતી?'

'એ કેમ બને, ભાઈ? બધાનો પગાર તો વળતે દિવસે આપવાનો હતો. અને એ માટેની રકમ તો સીલબંધ પેકેટમાં તિજોરીમાં હતી. પગારની આ રકમ તો રોજિંદી રોકડમાંથી અપાઈ હતી.'

## કાળું પાનું-4

'અચ્છા! નવા પગારની રકમ સીલબંધ પેકેટમાં અને તિજોરીમાં હતી. અને એના નંબરોની યાદી?'

'એ મારા ટેબલના ખાનામાં તાળાબંધ હતી.'

'તમે પ્રતિજ્ઞાપૂર્વક કહેવા તૈયાર છો ને કે આરોપીએ પોતાની પત્નીને આપી તે બંને નોટો તમે કે રસિકભાઈ નાણાવટી કોઈ રીતે હાથ કરી શકો તેમ નહોતું?'

'જરૂર. પ્રતિજ્ઞાપૂર્વક. કારણ કે એ નાણાં વળતે દિવસે સવારે જ કાઢવાનાં હતાં. પણ... એ ચોરાઈ ગયાં.'

'ઠીક છે. હવે તમે બોલો,' અજયે સૂચવ્યું. પછી ન્યાયાધીશ મહેતા ભણી વળીને વિનંતી કરી, 'નામદાર, હવે થોડાક સવાલ રસિકભાઈ નાણાવટીને.'

ન્યાયાધીશે વિનંતી સ્વીકારી અને એમની સૂચનાથી રસિક નાણાવટી સાક્ષીના પાંજરામાં આવ્યા. અજયે એમને પૂછપરછ શરૂ કરી, 'તિજોરી ચોરાઈ તેની આગલી સાંજે ફાલ્ગુનભાઈએ હરિસિંગને નોકરીમાંથી છૂટો કર્યો ત્યારે તમે હાજર હતા?'

'જી, હા, નામદાર.'

'ફાલ્ગુનભાઈએ તેને અબઘડી નોકરી છોડી જવાનો હુકમ કરીને એનું અપમાન કર્યું હતું?'

'જનરલ મેનેજર કોઈને વાજબી કારણસર છૂટા કરે એમાં અપમાન શાનું?'

'ઘણા લોકોને એમ તાત્કાલિક નોકરીમાંથી ફારેગ થતાં ગુસ્સો ચડ્યો હોય છે. એવી કશી ગુસ્સાની ચમક તમે હરિસિંગની આંખોમાં જોયેલી?'

'જી, ના.'

'ફાલ્ગુનભાઈએ તેને રીઢો અપરાધી કહેલો?'

'હા, એ ખરું. પણ એ માટે તો એને છૂટો કરેલો.'

'અચ્છા, બેન્કવાળા મોટી નોટોના નંબરોની જે યાદી આપે છે તે તમારી પાસે છે ખરી?'

'જી, નહીં. એ બધો જનરલ મેનેજર સાહેબનો આઈડિયા છે!' રસિક નાણાવટીએ 'આઈડિયા' શબ્દ પર વ્યંગાત્મક ભાર મૂકીને સૂચવ્યું કે અગાઉ ફાલ્ગુન બેરાએ કરેલા આક્ષેપો બદલ એ બને તેટલું વેર વાળી લેવા માગતા હતા. 'જનરલ મેનેજર સાહેબની પાસે જ એ યાદી રહે છે, અને એ તેને જીવની જેમ તાળા-કૂંચીમાં જાળવે છે.'

રસિકભાઈની આ વ્યંગવાણીએ કેટલાક શ્રોતાઓને હસવા પ્રેર્યા. માત્ર ફાલ્ગુન બેરાના ભવાં ચડી ગયાં. અજયને ચિંતા થઈ કે આ કેસની સમાપ્તિ પછી આ બંનેને સાથે કામ કરવામાં કેટલી બધી તકલીફ થશે? જો એ મોકો રહેશે તો!

એણે સાક્ષીની તપાસ પૂરી કરી અને સરકારી વકીલને ઊલટતપાસનો મોકો આપ્યો. પરંતુ કડકિયાએ પોતાનો એ હક જતો કર્યો. એમને તો ખાતરી હતી કે હરિસિંગ અપરાધી ઠરવાનો જ છે.

અજયે અદાલતને વિનંતી કરી, 'નામદાર! મારી વિનંતી છે કે બેન્ક તરફથી ગયા મહિનાનાં નાણાંની નોટોની યાદી અને આ મહિનાની યાદી રજૂ કરવાનું ફાલ્ગુન બેરાને સૂચવવામાં આવે'

'શા માટે?'

'સુમનબેન પાસેથી મળી આવેલી નોટોના નંબર આ યાદીઓમાં કયા પાને છે, એની તપાસ માટે.'

'આઈ ઑબ્જેક્ટ, માય લૉર્ડ!' ફાલ્ગુન બેરા ઝટ ઊભા થઈને બોલી ઊઠ્યા. અજયની દરખાસ્તનો એ વિરોધ કરવા માગતા હતા.

'શા માટે?' ન્યાયાધીશે પૂછ્યું.

'નામદાર! હરિસિંગની પત્ની પાસેથી મળેલી નોટોના નંબર આ મહિનાની નોટોની યાદીમાં મળ્યા છે. એનો અર્થ જ એ છે કે એ ચોરેલી નોટો છે.'

'અચ્છા, બચાવપક્ષના વકીલ,' ન્યાયાધીશે અજયને સંબોધન કર્યું. 'તમે આ બે યાદીઓ મંગાવીને શું સિદ્ધ કરવા માગો છો?'

'એ યાદીઓ રજૂ થાય એટલે તરત જ આપને હું કશુંક બતાવીશ. એથી આ કેસમાં ઇન્સાફ થઈ જશે.'

અજયની અત્યાર સુધીની પ્રભાવક વકીલાતથી રાજી થયેલા ન્યાયાધીશે એની આ માગણી પણ મંજૂર રાખી. તરત જ અદાલતના કર્મચારી અને પોલીસ જઈને બેરાના ટેબલના ખાનામાંથી છેલ્લા બે મહિનાની યાદીઓ લઈ આવ્યા. બંને યાદીઓ દસ-બાર જેટલાં પાનાંની હતી.

અજયે એ યાદીઓ ઉપાડીને ધ્યાનથી જોઈ. પછી ન્યાયાધીશ સામે એ ધરતાં કહ્યું, 'નામદાર, આપ પોતે આ યાદીઓ જુઓ. એમના ડાબી બાજુના ઉપરના ખૂણે સ્ટેપલરની પિન જુઓ. આપને જણાશે કે બેન્કવાળાઓએ મૂળે જે સ્ટેપલરની પિન મારી હશે તે ખોલવામાં આવેલી છે.' ન્યાયાધીશ અને પ્રેક્ષકો સ્તબ્ધ થઈ ગયા. અરે, સ્ટેપલરની પિનને અને કરોડ રૂપિયાની ચોરીને શો સંબંધ હોય?

**(વાચક મિત્રો! અઘરો પ્રશ્ન છે. એનો ઉત્તર વિચારો. અલબત્ત, આપણે અજયને જાણીએ છીએ. એ કશી આધારરહિત વાત ન કરે. આગામી અઠવાડિયે એનો જવાબ જોઈશું.)**